# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

### બાળ - ૨ : પ્રેક્ટિસ પેપર - ૪

### જવાબપત્ર - ૪

**સમય : ૨ કલાક**
**કુલ ગુણ : ૧૦૦**

**પ્ર.૧ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. [૧૦]**

**વિભાગ-અ**

**(ભાદરા, હરિજયંતી, માંદા સંતો, છપૈયા, દાદાખાચર, સત્વગુણ)**

૧. ગુણાતીતાનંદ સ્વામીએ **માંદા સંતો** ની સેવા કરી.

૨. જીવુબા અને લાડુબા **દાદાખાચર** ના બહેનો હતા.

૩. મૂળજીનો જન્મ **ભાદરા** ગામમાં થયો હતો.

૪. ગુણાતીત એટલે **સત્વગુણ**, રજોગુણ અને તમોગુણથી પર.

૫. રામનવમીને **હરિજયંતી** પણ કહે છે.

**વિભાગ-બ**

**(હેતબા, પ્રભુનું, નારાયણસ્વરૂપદાસ, પુરીબા, ઘરમંદિર, અભ્યાસ)**

૬. **ઘરમંદિર** રાખવાથી ભગવાન આપણી અને ઘરની રક્ષા કરે છે.

૭. આપણને બે વસ્તુ ગમવી જોઈએ. ભજન અને **અભ્યાસ**

૮. શાસ્ત્રી **નારાયણસ્વરૂપદાસ** એ જ પ્રમુખસ્વામી છે.

૯. યોગીજી મહારાજની માતાનું નામ **પુરીબા** હતું.

૧૦. સંતો **પ્રભુનું** ભજન કરતાં શીખવે.

**પ્ર.૨ નીચેના આપેલા ખરા વાક્યની સામે '✓' ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે 'X' ની નિશાની કરો. [૧૦]**

| | | | |
|---|---|---|---|
| **૧.** | જેતલપુરની ગણિકાએ દાસીઓની મદદથી ઘઉં દળ્યા હતા. | **૧.** | X |
| **૨.** | યોગીજી મહારાજની પ્રાર્થનાથી શ્રીજી મહારાજ ભાવનગરમાં થાળ જમી ગયા. | **૨.** | ✓ |
| **૩.** | ગુણાતીતાનંદ સ્વામી ભર તડકામાં મહારાજના દર્શન કરવા ઉભા હતા. | **૩.** | X |
| **૪.** | તિલક અક્ષરધામનું પ્રતીક છે અને ચાંદલો મહારાજનું પ્રતીક છે. | **૪.** | ✓ |
| **૫.** | ભગતજી મહારાજને નાનપણથી ખૂબ જ ભક્તિભાવ હતો. | **૫.** | ✓ |
| **૬.** | મુક્તાનંદ સ્વામીનું મન એક પણ વાર માંકડા તરફ ગયું ન હતું. | **૬.** | X |
| **૭.** | યોગીજી મહારાજનો જન્મ મહેળાવ ગામમાં થયો હતો. | **૭.** | X |
| **૮.** | 'હું તમારામાં અખંડ રહ્યો છું' એમ મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું. | **૮.** | ✓ |
| **૯.** | મહારાજે દૂબળી ભટ્ટની જે બોલાવી. | **૯.** | X |
| **૧૦.** | શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસમાં સાધુતાના તમામ ગુણો હતા. | **૧૦.** | ✓ |

**પ્ર.3 નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો. [૪૦]**

**૧.** ભગવાનની પૂજા-આરતી કરવાથી ઘરનું વાતાવરણ કેવું બને છે ?

(૧) આદર્શ **(૨) પવિત્ર** (૩) સ્વર્ગ જેવું **૧.** ૨

**૨.** સંતો આપણને શું શીખવાડે છે ?

(૧) સેવા કરવાનું (૨) પરોપકારી બનવાનું **(3) બંને** **૨.** 3

**૩.** મૂળજીને શ્રીજી મહારાજે કયા ગામમાં દીક્ષા આપી ?

(૧) જેતપુરમાં (૨) ભાદરામાં **(3) ડભાણમાં** **૩.** 3

**૪.** જગજીવન કયા રાજાનો દિવાન હતો ?

**(૧) કચ્છના** (૨) ગઢડાના (૩) જૂનાગઢના **૪.** ૧

**૫.** શાંતિલાલનો જન્મ કયાં થયો હતો ?

(૧) વડોદરામાં (૨) બોચાસણમાં **(3) ચાણસદમાં** **૫.** 3

**૬.** શ્રીજી મહારાજે કોની નનામીને ખાંધ આપેલી ?

**(૧) ઝીણાભાઈની** (૨) કમળશીભાઈની (૩) મૂળુભાની **૬.** ૧

**૭.** મૂળજી કેટલા વર્ષની ઉંમરે સાધુ થવાની વાત કરતા હતા ?

(૧) ૬ **(૨) ૪** (૩) ૮ **૭.** ૨

**૮.** ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી કોણે દારૂ-માંસનો ત્યાગ કર્યો ?

**(૧) રામાહાટીએ** (૨) મૂળુખાચરે (૩) જોબનપગીએ **૮.** ૧

**૯.** એકાદશીને દિવસે ડુંગરભક્તે શું ખાધું ?

(૧) રોટલી (૨) ભાત **(3) ફરાળ** **૯.** 3

**૧૦.** ભરવાડ કોના નામની માળા ફેરવતો હતો ?

(૧) મૂળાનંદના **(૨) ગુણાનંદના** (૩)મુક્તાનંદના **૧૦.** | ૨ |

**૧૧.** ભગતજી મહારાજે કેટલા વર્ષ સુધી હવેલીનું કામ કર્યુ ?

**(૧) ત્રણ** (૨) દોઢ (૩) એક **૧૧.** | ૧ |

**૧૨.** મહારાજે શરીરનો ત્યાગ ક્યારે કર્યો ?

(૧) ફાગણ સુદ પૂનમે (૨) અષાઢ સુદ દશમે **(૩) જેઠ સુદ દશમે** **૧૨.** | ૩ |

**૧૩.** ભગવાનનું ભજન ક્યારે કરવું જોઈએ ?

(૧) ઘડપણમાં **(૨) નાનપણમાં** (૩) યુવાનીમાં **૧૩.** | ૨ |

**૧૪.** યોગીજી મહારાજે કેટલા વર્ષની ઉંમરે સાધુની દીક્ષા લીધી ?

**(૧) ૧૭** (૨) ૧૯ (૩) ૧૬ **૧૪.** | ૧ |

**૧૫.** મુક્તાનંદ સ્વામી કેટલા સાધુની મંડળી લઈને સુરત ગયા ?

(૧) પાંચસો (૨) ત્રણસો **(૩) બસો** **૧૫** | ૩ |

**૧૬.** શાંતિભગતે ચુનાની ભઠ્ઠી ખાલી કરવાની સેવા ક્યાં કરી ?

(૧) સારંગપુરમાં **(૨) બોચાસણમાં** (૩) અટલાદરામાં **૧૬.** | ૨ |

**૧૭.** મહારાજ સગરામને ત્યાં શું જમ્યા ?

**(૧) દહીં-રોટલો** (૨) દૂધભાત (૩) ઘી-ગોળ **૧૭.** | ૧ |

**૧૮.** ઠોઠ નિશાળીયાનું નામ શું હતું ?

(૧) નારદ (૨) વશિષ્ઠ **(૩) પાણિની** **૧૮.** | ૩ |

**૧૯.** ક્યા દરબારને સ્વામી પ્રત્યે ભાવ હતો ?

**(૧) ગોંડલના** (૨) માંગરોળના (૩) જૂનાગઢના **૧૯.** | ૧ |

**૨૦.** બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના સ્થાપક કોણ હતા ?

(૧) યોગીજી મહારાજ **(૨) શાસ્ત્રીજી મહારાજ** (૩) પ્રમુખસ્વામી મહારાજ **૨૦.** | ૨ |

**૨૧.** શાંતિલાલને ભાગવતી દીક્ષા ક્યાં આપી ?

(૧) અમદાવાદમાં (૨) સારંગપુરમાં **(૩) ગોંડલમાં** **૨૧.** | ૩ |

**૨૨.** ૧૯ જણા ક્યા ગામમાં રામદાસ સ્વામીને મળ્યા ?

(૧) જેતપુર **(૨) જેતલપુર** (૩) જસદણ **૨૨.** | ૨ |

**૨૩.** પ્રાગજી ભક્તે કોના માટે દેહ કુરબાન કર્યો ?

**(૧) ગુણાતીતાનંદ સ્વામી** (૨) રામાનંદ સ્વામી (૩) ગોપાળાનંદ સ્વામી **૨૩.** | ૧ |

**૨૪.** કમળશી વાંઝા ક્યા ગામના હતા ?

(૧) જૂનાગઢ (૨) પંચાળા **(૩) માંગરોળ** **૨૪.** | ૩ |

**૨૫.** મૂળુખાચર શ્રીજી મહારાજ સાથે સંઘમાં ક્યાં ચાલ્યા ?

(૧) ગઢડા **(૨) વડતાલ** (૩) ગોંડલ **૨૫.** | ૨ |

૨૬. કોની સેવા કરવી એ યોગીજી મહારાજને મન સદ્ભાગ્ય હતું ?

**(૧) વડીલોની** (૨) બિમારની (૩) બાળકોની ૨૬. | ૧ |

૨૭. શાસ્ત્રીજી મહારાજનું બાળપણનું નામ શું હતું ?

(૧) મૂળજી (૨) ઝીણાભાઈ **(૩) ડુંગર** ૨૭. | ૩ |

૨૮. શ્રવણને કયા રાજાએ તીર માર્યુ ?

(૧) યુધિષ્ઠિર **(૨) દશરથ** (૩) કંસ ૨૮. | ૨ |

૨૯. સ્વામીના સમાધિ સ્થાનને શું કહે છે ?

**(૧) અક્ષરદેરી** (૨) અક્ષરધામ (૩) અક્ષરપીઠ ૨૯. | ૧ |

૩૦. શાસ્ત્રીજી મહારાજે કેટલા મંદિરો બાંધ્યા ?

(૧) ૩ (૨) ૭ **(૩) ૫** ૩૦. | ૩ |

૩૧. દાદાખાચરે કોના નામે ગરાસ કર્યો ?

(૧) શ્રીજી મહારાજ **(૨) બે બહેનો** (૩) સંતો ૩૧. | ૨ |

૩૨. મહારાજના પાટવી કુંવર કોણ હતા ?

**(૧) ગુણાતીતાનંદ સ્વામી** (૨) ગોપાળાનંદ સ્વામી (૩) બ્રહ્માનંદ સ્વામી ૩૨. | ૧ |

૩૩. કોના માતા-પિતા આંધળા હતાં ?

(૧) ધ્રુવના (૨) પ્રહલાદના **(૩) શ્રવણના** ૩૩. | ૩ |

૩૪. કયા ગામમાં સ્વામીની સવારી નીકળી હતી ?

(૧) જૂનાગઢ **(૨) ખંભાત** (૩) વડતાલ ૩૪. | ૨ |

૩૫. ઝીણાભાઈએ કોની સેવા કરી હતી ?

**(૧) કમળશી વાંઝાની** (૨) સગરામની (૩) દાદા ખાચરની ૩૫ | ૧ |

૩૬. થાંભલામાંથી કયા ભગવાન પ્રગટ થયા ?

(૧) રામ **(૨) નૃસિંહ** (૩) કૃષ્ણ ૩૬. | ૨ |

૩૭. ઓગણીસમાનું નામ મહારાજે શું પાડ્યું ?

(૧) અક્ષરાનંદ સ્વામી (૨) અદ્વૈતાનંદ સ્વામી **(૩) અદ્ભુતાનંદ સ્વામી** ૩૭. | ૩ |

૩૮. કચ્છના મંત્રીનું નામ શું હતું ?

**(૧) સુંદરજી સુથાર** (૨) સુરા ખાચર (૩) દાદા ખાચર ૩૮. | ૧ |

૩૯. અરદેશર કોટવાલ કોણ હતા ?

(૧) મુસલમાન **(૨) પારસી** (૩) ખ્રિસ્તી ૩૯. | ૨ |

૪૦. મૂળજી ભક્તે ખેતરમાં શેનો વાઢ કર્યો હતો ?

**(૧) શેરડી** (૨) મકાઈ (૩) ઘઉં ૪૦. | ૧ |

**પ્ર.૪ નીચેનાં આપેલા પ્રશ્નોનાં એક થી બે લીટીમાં (ઉત્તર) જવાબ લખો.** **[૧૦]**

**૧.** યોગીજી મહારાજના માતા - પિતાનું નામ શું હતું ?

**જ. યોગીજી મહારાજના માતાનું નામ પુરીબા અને પિતાનું નામ દેવચંદભાઈ હતું.**

**૨.** શાસ્ત્રીજી મહારાજે કયા કયા સ્થળે મંદિરો બાંધ્યા ?

**જ. શાસ્ત્રીજી મહારાજે પાંચ મંદિરો બાંધ્યા - બોચાસણ, સારંગપુર, ગોંડલ, અટલાદરા, ગઢડા.**

**૩.** ગોપાળાનંદ સ્વામી ધામમાં ગયા તે પહેલાં તેમણે પ્રાગજી ભક્તને શું કહ્યું ?

**જ. ગોપાળાનંદ સ્વામી ધામમાં ગયા તે પહેલાં તેમણે પ્રાગજી ભક્તને કહ્યું કે, ''જૂનાગઢના જોગી ગુણાતીતાંદ સ્વામી શ્રીજી મહારાજને રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. તું એમની પાસે જજે અને એમની સેવા કરી રાજીપો લેજે.''**

**૪.** તિલક - ચાંદલો કરવાથી કોણ રાજી થાય છે ? તેનાથી કોણ શેની રક્ષા કરે છે ?

**જ. તિલક - ચાંદલો કરવાથી મહારાજ - સ્વામી રાજી થાય છે. શ્રીજી મહારાજ દુષ્ટથી આપણી રક્ષા કરે છે.**

**૫.** જમવાનો સમય થયો ત્યારે સૌ કોઈ ડુંગર ભક્તને લગ્નમાં શોધવા લાગ્યા પણ તે મળ્યા નહીં. પરંતુ જ્યારે મળ્યા ત્યારે તેઓ ક્યાં હતા અને શું કરતાં હતા ?

**જ. ડુંગર ભક્ત મંદિરમાં હતાં અને કથા સાંભળતા હતા.**

**૬.** શ્રીજી મહારાજે કોના કપાળમાં તિલક - ચાંદલો કર્યો ?

**જ. શ્રીજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીના કપાળમાં તિલક - ચાંદલો કર્યો.**

**૭.** ભગુભાઈએ ગુણાતીતાનંદ સ્વામી સાથે વડતાલ જવાની કેમ ના પાડી ?

**જ. ભગુભાઈએ ગુણાતીતાનંદ સ્વામી સાથે વડતાલ જવાની ના પાડી કારણ કે તેમને ન્હાવા માટે ઊનું પાણી અને જમવામાં ઉની રોટલી જોઈતી હતી.**

**૮.** વૃદ્ધાવસ્થા હોવા છતાં ગુણાતીતાનંદ સ્વામીના દાંત કેવા કઠણ (મજબૂત) હતાં ?

**જ. વૃદ્ધાવસ્થા હોવા છતાં ગુણાતીતાનંદ સ્વામીના દાંત કાચા ચણા ચાવી શકે એવા મજબુત હતાં.**

**૯.** જેતલપુરમાં ૧૯ હરિભક્તોને દાઢી - મુંછ મુંડાવી નાખવા કોણે આજ્ઞા કરી ?

**જ. જેતલપુરમાં રામદાસ સ્વામીએ ૧૯ હરિભક્તોને દાઢી - મુંછ મુંડાવી નાખવા આજ્ઞા કરી.**

**૧૦.** મુળજીના માતા - પિતાનું નામ શું હતું ?

**જ. મુળજીના માતાનું નામ સાકરબા અને પિતાનું નામ ભોળાનાથ હતું.**

**પ્ર.૫ નીચેની સ્વામીની વાતો પૂરી કરો.** **[૧૦]**

૧. જેના ગુરુ અક્ષર.....

**જ. જેના ગુરુ અક્ષર હોય તે અક્ષરધામમાં લઇ જાય ને પુરુષોત્તમને મેળવે.**

૨. ભગવાન જીવના ગુના.....

**જ. ભગવાન જીવના ગુના સામું જોતા નથી, તે કોઇ જીવ ભગવાનની સ્મૃતિ કરીને એમ બોલે જે, 'હું ગુનેગાર છું' તો તેના ગુના ભગવાન માફ કરે છે.**

૩. સત્ય, હિત અને પ્રિય.....

**જ. સત્ય, હિત અને પ્રિય એવું વચન બોલવું ને ઉપેક્ષારહિત બોલવું પણ આગ્રહથી વચન કહેવું નહિ.**

૪. ડાહ્યો હોય તેને વઢે.....

**જ. ડાહ્યો હોય તેને વઢે ત્યારે રાજી થાય ને મૂર્ખ હોય તેને વખાણે ત્યારે રાજી થાય, એમ મહારાજ કહેતા.**

૫. ભગવાન ભજવા હોય.....

**જ. ભગવાન ભજવા હોય તેનાથી બધાની મરજી રાખી શકાય નહિ તેનાથી તો ભગવાનની મરજી સચવાય.**

**પ્ર.૬ નીચે આપેલ કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** **[૧૦]**

૧. સેવા કરશું હોંશે ......... દુનિયામાં લઈ જાશું.

**જ. સેવા કરશું હોંશે હોંશે, સૌને વ્હાલા થાશું,**
**કામ કરશું સારાં સારાં, સત્સંગને દીપાવશું.. (૨)**
**ઢોલ નોબત વાજાં વગાડી શ્રીજી મહિમા ગાશું,**
**ધજા રાખી ઊંચે ઊંચે, દુનિયામાં લઈ જાશું.. (૩)**

૨. કાજુ કમોદના ......... કઢી કરી છે કાઠિયાવાડી.

**જ. કાજુ કમોદના ભાત કર્યા, મેં તો દાળ કરી બહુ સારી;**
**લીંબુ કાકડીનાં લેજો અથાણાં, કઢી કરી છે કાઠિયાવાડી.**

૩. અન્યથા શરણં ......... રક્ષ ત્વં પુરુષોત્તમ.

**જ. અન્યથા શરણં નાસ્તિ ત્વમેવ શરણં મમ ।**
**તસ્માત્ કારુણ્ય ભાવેન રક્ષ ત્વં પુરુષોત્તમ ॥**

૪. ભોળા થઈને કરીએ ......... હરદમ પ્રાણ અમારા.

**જ. ભોળા થઇને કરીએ અમે તો, ભાત ભાતની ભૂલો (૨)**
**પણ તુજને ન ભૂલીએ હરદમ, અમે ચડાવીએ ફૂલો (૨)**
**એ ફૂલોમાં મૂકીએ અમે તો (૨) હરદમ પ્રાણ અમારા... અમે**

૫. આચારઃ પરમો ધર્મઃ ......... આચારાત્ કિં ન સાધ્યતે ।

**જ. આચારઃ પરમો ધર્મઃ આચારઃ પરમં તપઃ ।**

**આચારઃ પરમં જ્ઞાનં આચારાત્ કિં ન સાધ્યતે ॥**

**પ્ર.૭ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં)** **[૧૦]**

**૧.** મહારાજે મૂળજીને અનાદિકાળના સત્સંગી કેવી રીતે વર્ણવ્યા ?

**૨.** પ્રહ્લાદે નૃસિંહ ભગવાન પાસે શું માગ્યું ?

**૩.** સ્વામીને શું ગમે ?